*D. Lukhmidas & Co.'s Translation Series.*

# A GUIDE

TO

# New Royal Readers,—No. 2,

GIVING

The student *every* facility and *all* that is required to go smoothly through the Text,

BY

JEEJEEBHOY K. KAPADIA,

*Assistant Teacher, Proprietary High School.*

**Bombay:**

PUBLISHED & SOLD BY

**D. LUKHMIDAS & Co.**

*BOOKSELLERS, PUBLISHERS & PRINTERS,*

No. 17 & 19, PARSI BAZAR STREET, FORT.

PRINTED AT THE "FORT PRINTING PRESS."

# A GUIDE

TO

# New Royal Readers,—No. 2,

GIVING

The student *every* facility and *all* that is required to go smoothly through the Text,

BY

JEEJEEBHOY K. KAPADYA,
*Assistant Teacher, Proprietary High School.*

Bombay:

PUBLISHED & SOLD BY

D. LUKHMIDAS & Co.

BOOKSELLERS, PUBLISHERS & PRINTERS.

PRINTED AT THE "FORT PRINTING PRESS."

No. 1, Mapla Building, Fort.

**Price 8 Annas.**

# EXPLANATION OF THE CONTRACTIONS USED IN THE BOOK.

## આ પુસ્તકમાં સંક્ષેપમાં મુકેલા શબ્દોનો ખુલાસો.

| | | |
|---|---|---|
| *a.* | stands for | adjective. |
| *ad.* | ,, | adverb. |
| *conj.* | ,, | conjunction. |
| *interj.* | ,, | interjection. |
| *pp.* | ,, | perfect participle. |
| *ppr.* | ,, | present participle. |
| *prep.* | ,, | preposition. |
| *pron.* | ,, | pronoun. |
| *n.* | ,, | noun. |
| *v.* | ,, | verb. |

# NEW ROYAL READERS NO. II.

## THE STORY OF A DOG.

### કુતરાની વાર્તા.

Dog, n. (ડૉગ) કૂતરો.
Umbrella, n. (અમ્બ્રેલા) છત્રી.
Mouth, n. (માઉથ) મોઢું.
Can want, v. (કૅન ઉવૉન્ટ) માગી શકેછે.
Story, n. (સ્ટોરી) વાર્તા.
Eight years old, આઠ વર્ષની ઉમરનો.
Was sent, v. t. (ઉવાઝ સેન્ટ) મોકલવામાં આવ્યો હતો.
Errand, n. (એરન્ડ) સંદેસો.
House, n. (હાઉસ) ઘર.
Lame, a. (લેમ) લંગડો.
Rough, a. (રફ) વાળથી ભરેલો.
Dirty, a. (દર્ટિ) ગંદો.
Came, v. (કેમ) આવ્યો.
Limping, p. pr. (લિમ્પીન્ગ) લંગડાતું ચાલતું.

Would have thrown, v. ફેંક્યા હોત.
Stones, n. (સ્ટોન્સ) પથ્થરો.
Poor, a. (પુઅર) ગરીબ.
Had been taught, v. શિખવવામાં આવ્યો હતો.
Gentle, a. (જેન્ટલ) નરમાસવાળો.
Kind, a. (કાઇન્ડ) માયાળુ.
Saw, v. (સૉ) જોયું
Ill, ad. (ઇલ) ખરાબ રીતે.
Used, v. (યુઝ્ડ) ચાલ ચલાવવામાં આવી હતો.
Wanted, v. (ઉવાન્ટેડ) માગતો
Friend, n. (ફ્રેન્ડ) દોસ્ત.
Let v. t. (લેટ) દીધો.
(To) follow, (ટુ ફૉલો) પછવાડે જવું.

Asked, v. (આસ્કડ) પુછ્યું.
House, n. (હાઉસ) ઘર.
Seemed. v. (સીમ્ડ) દેખાયો.
To know, inf. (ટુ નો) જાણવું.
Looked, v. (લુક્ડ) દેખાયો.
Sad, a. (સેડ) દિલગીર.
Children, n. (ચિલ્ડ્રન) છોકરાં.
Almost, ad. (ઑલમોસ્ટ) લગભગ.
Cried, v. (ક્રાઈડ) રડી પડ્યાં.
Large, a. (લાર્જ) મોટી.
Bright, a. (બ્રાઈટ) ચળકતી.
Looking, p.pr. (લુકિન્ગ) જોતી.
Pity, n. (પિટિ) દયા.
Mother, n. (મધર) મા.
Taught, v. (ટૉટ) શિખવ્યું.
Did turn away, v. કાઢી મુક્યો
Hungry, a. (હન્ગ્રી) ભુખ્યો.
Let go, જવા દીધો.
Wash-house, n. ધોવાનું ઘર.
Gave, v. (ગેવ) આપ્યું.
Food, n. (ફૂડ) ખોરાક.
Water, n. (વૉટર) પાણી.
Some, a. (સમ) થોડું.
To drink, ger. (ટુ ડ્રિન્ક) પીવાને.

Clean. a. (ક્લીન) સ્વચ્છ, સાફ.
Straw, n. (સ્ટ્રૉ) ઘાસ.
To lie, ger. (ટુ લાઈ) સુવાને.
A few, a. (એ ફ્યુ) થોડાક.
Well, a. (વૅલ) સાજો.
Soon, ad. (સૂન) તરતજ.
Made, v. (મેડ) કીધો
Began, v. (બિગૅન) શરૂ કીધું.
To show, inf. (ટુ શો) દેખાડવાને.
Pleased, v. (પ્લીઝ્ડ) ખુશી થયલો.
New, a. (ન્યુ) નવું.
Name, n. (નેમ) નામ.
Pet, a. (પેટ) લાડકો; માનીતો.
Used to go, v. જતા.
Used to keep away, દૂર રાખતા.
Tried, v. (ટ્રાઈડ) કોશેશ કરતા.
Tease, inf. (ટીઝ) ચીડવવું.
Hurt, inf. (હર્ટ) ઇજા કરવી.
Went, (વેન્ટ) જતા.
Walked, v. (વાક્ડ) ચાલી આવતો.
Back, (બૅક) પાછો; ફરીથી.
Stayed, v. (સ્ટેડ) થોભતો.

Yard, n. (યાર્ડ) વાડો; ચોક.
Fowls, n.(ફાઉલ્સ) મરઘાં; બટકાં.
Watched, v. (વૉચ્ડ) તપાસતો.
Stray, v. (સ્ટ્રે) આડે માર્ગે જવું.
Stole, v. (સ્ટોલ) ચોરી જતું.
Dared, v. (ડેર્ડ) હિમ્મત કરતો.
To throw, (ટુ થ્રો) ફેંકવાને.
Near, prep. (નીઅર) નજદીક.
Time, n. (ટાઈમ) વખત.
To leave, inf. (ટુ લીવ) છોડવાને.
Would say, v. કહેતી.
To bring, inf. લાવવાને.
No sooner than, જેવો—તેવો.
Words, n. (વર્ડ્ઝ) શબ્દો.
Were said, v. બોલાયા હતા.
Ran, v. (રૅન) દોડી જતો.
Off it ran, તે દોડી જતો.
At last, ad. (ઍટ લાસ્ટ) છેલ્લે અર્ધાલે.
Became, v. (બીકેમ) થયો.
So, ad. (સો) એટલો તો.
Clever, a. (કલેવર) હુશિયાર.
Wet, a. (વેટ) વરશાદના.
Would carry, v. લઈ જાય.
Mouth, (માઉથ) મોહોડું.

Look, v. (લુક) જોવો.
Picture, n. (પિક્ચર) ચિત્ર.
All, (ઑલ) સઘળો; તદન.
Ready, a. (રૅડિ) તૈયાર.
To start, inf. (ટુ સ્ટાર્ટ) ઉપડવાને.
Sometimes, ad. (સમટાઈમ્સ) કોઈ કોઈ વખત.
Street, n. (સ્ટ્રીટ) મોહલ્લો.
To take, inf. (ટુ ટેક) લેવાને
Quick, (ક્વિક) જલદી.
Full speed, (ફુલ સ્પીડ) ઘણીજ ઉતાવળથી.
Got away, v. (ગોટ અવે) નીકળી જતો.
Always, ad. (ઑલ્વેઝ) હમેશા.
Safely, ad. ( સેફ્લી ) સહી સલામત.
Questions, n.(ક્વેસ્ચન્સ)પ્રશ્નો; [સવાલ.
Meanings, n. (મીનિન્ગ્સ) અર્થ; માયના.
Summary, ( સમરી ) સંક્ષેપ; સારાંશ.
Exercise, n. ( એક્સરસાઈઝ ) અભ્યાસ પાઠ.

## કુતરાની વાત.

૧. પોતાના મોઢામાં છત્રી સાથ અહિં એક કૂતરો છે. કૂતરાને છત્રી-સાથ શું કામ હશે ? ચાલો તેની વાત હું તમને કહું.

૨. કેટલાંક વર્ષ અગાઉ, આઠ વર્ષ કરતાં અધિક મોટો નહિ, એવા એક નાના છોકરાને કોઈ કામે મોકલવામાં આવ્યો. જ્યારે તે ઘર જતો હતો, ત્યારે, એક લંગડો, વાળથી ભરેલો અને ગંદો કૃતરો તેની પછવાડે લંગડતો લંગડતો આવ્યો.

૩. કોઈ ખરાબ છોકરે તે ગરીબ કુતરા ઉપર પથ્થર ફેંકયા હોત, પણ તે નાના છોકરાને નરમ અને માયાળુ થવાને શિખવવામાં આવ્યું હતું.

૪. તેણે જોયું કે કુતરા સાથ કોઈએ ખરાબ વર્તણુક ચલાવી હતી અને કે તેને એક મિત્ર જોઈતો હતો. તેથી તેણે તેને પોતાની પુઠે ઘરે આવવા દીધો.

૫. જ્યારે તે નાના છોકરે પોતાની માને પુછયું કે તેણી કૂતરાને ઘરમાં આવવા દેશે, ત્યારે ગરીબ કુતરો જે કાંઈ કહ્યું તે સમજતો દેખાયો.

૬. અરે, તે કેવો અતિશય ઉદાસ દેખાયો! અને જ્યારે છોકરાંઓએ તેની મોટી ચળકતી આંખ દયામાટે તેમની તરફ જોતી જોઈ ત્યારે તેઓ લગભગ રડી પડયાં.

૭. તેમની મા કે જેણીએ પોતાનાં બચ્ચાંને માયાળુ અને નરમ થવાને શિખવેલું હતું તેણીએ પેલા ગરીબ, ભૂખ્યા, લંગડા કૂતરાને હાંકી કાઢયો નહિ. તેણીએ તેને નાહવા ધોવાની ઓરડીમાં જવા દીધો.

૮. છોકરાંઓએ તેને કાંઈ ખાવાનું તથા મેવો, પાણી, અને લેટવા માટે થોડુંક સોફ્ટ ઘાસ આપ્યું. થોડાક દિવસ પછી તે પાછો સારો થયો. પોતાની મેલે તે આંગ સાફ કરતો થયો, અને પોતાનાં નવાં ઘરથી તે કેવો ખુશી થયો હતો તે દેખાડવા લાગ્યો.

૯. છોકરાંઓએ તે કુતરાને ઍલ્ફ નામ આપ્યું, અને તે તેમનો મિત્ર તેમજ લાડકો હતો. તે તેમની સાથ નિશાળે જતો, અને હરકોઈ ખરાબ છોકરા જેઓ તેમને ખીજવવાને અથવા દુઃખ દેવાને કોશીસ કરતા તેમને દુર રાખતો.

૧૦. ત્યાર પછી, જ્યારે તેઓ નિશાળે જતા, ત્યારે ઍલ્ફ ઘરે પાછો જતો, અને મરઘાં સાથ ચોકમાં રહેતો. તેઓ આડે રસ્તે જાય નહિ, અને કે કોઈ તેમને ચોરે નહિ તેની તે તપાસ રાખતો. જ્યારે ઍલ્ફ પાસે હોય ત્યારે કોઈ ખરાબ છોકરો તેમની તરફ પથ્થર ફેંકવાની હિમ્મત રાખતો નહિ.

૧૧. છોકરાઓમાટે નિશાળ છોડવાનો વખત થતો, ત્યારે તેમની મા બોલતી, "ઍલ્ફ, છોકરાંઓને ઘરે લાવવાનો વખત થયોછે." આ શબ્દ બોલાતા કે લાગલો તે દોડયો જતો.

૧૨. હા, અને તે કરતાં વધારે; ઍલ્ફ આખરે એટલો હુશિયાર કૂતરો થયો, કે વરસાદને દહાડે તે પોતાના મોહડાંમાં છત્રી લઇ જતો.

૧૩. છત્રી તરફ જુવો, અને ઍલ્ફ નિશાળ માટે ઉપડી જવાને તમામ તૈયાર થયલો તમને જણાશે. કોઈ કોઈ વેળા મોહોલ્લામાંના છોકરાઓ તેના પાસેથી છત્રી લઇ લેવાની તજવીજ કરતા; પણ ઍલ્ફ એટલી ઝડપથી નિકળી જતો કે તેમનાથી તે પકડાતો નહિ. તે પૂર ઝડપથી તેમની આગળથી દોડતો, અને હમ્મેશ સહી સલામત નિકળી જતો.

---

## IN THE WOOD.

### જંગલમાં.

Beautiful, a. (બ્યુટિફુલ) સુંદર.
Summer, n. (સમર) ઉનાળો.
Party, n. (પાર્ટિ) ટોળી.
School girls, n. (સ્કુલ ગર્લ્સ) નિશાળની છોકરીઓ.
Spending, v. (સ્પેન્ડીન્ગ) ગુજારતાં.

Half-holiday, n. (હાફ્ હાલીડે) અડધા દિવસનો તેહેવાર.
Look, v. (લુક) જોવો.
Picture, n. (પિકચર) ચિત્ર.
Some, a. (સમ) કેટલાંક.
Have been gathering, v. એકઠાં કરે છે.
Wild-flowers, n. (વાઇલ્ડ ફ્લાવર્સ) જંગલી ફુલો.
While, conj. (હ્વાઇલ) અને
Others, n. (અધર્સ) બીજાઓ.
At the swing, હીંચકા આગળ.
Old, a (ઓલ્ડ) જુનાં.
Beech-tree, n. (બીચ ટ્રી) બીચ નામનું ઝાડ.
Is closed, v. (ઇઝ ક્લોઝડ) બંધ થઈ છે.
Tasks, n. (ટાસ્કસ) પાઠ.
Are done, v. (આર ડન) થયા છે.
Flowers, n. (ફ્લાઉઅર્સ) ફુલો.
Are laughing, v. હસે છે; ખીલી નિકળ્યાં છે.
Sun, n. (સન) સૂર્ય, સૂરજ.
Now, ad. (નાઉ) હવે.
Music, n. (મ્યુઝીક) ગાયન.
Ring, v. (રીન્ગ) ગાજે છે.

Merrily, ad. (મેરિલિ) આનંદથી.
Goes, v. (ગોઝ) ચાલે છે.
After, prep. (આફ્ટર) પછી.
Work, n. (વર્ક) કામ.
Woods, (વુડ્ઝ) જંગલો.
Come, v. (કમ) આવેછે.
Joy, n. (જોય) ખુશી.
Play, n. (પ્લે) રમત.
Have, (હેવ) મળ્યો છે.
Holiday, n. (હોલિ ડે) છુટ્ટી; તેહેવાર.
Health, n. (હેલ્થ) તનદુરસ્તી.
Pleasures, n. (પ્લેઝર્સ) ખુશી.
Bring, v. (બ્રિન્ગ) લાવે છે.
Part, n. (પાર્ટ) ભાગ.
Is called, v. કહેવાય છે.
For, conj. (ફૉર) કારણ કે.
Every, ad. (એવ્રી) દરેક.
Summer, (સમર) ઉનાળો.
Covered, v. (કવર્ડ) ઢંકાયલા.
White, a. (હ્વાઇટ) સફેદ.
Daisies, n. (ડેઝીસ) મોઘરાના રોપા.
Here, ad. (હિઅર) અહિંઆં.
Girls, n. (ગર્લ્સ) છોકરીઓ.
Delight, (ડિલાઇટ) ખુશી હોયછે.

To come, (ટુ કમ) આવવાને.
Daisy, (ડેઝી) મોધરાના.
Chains, n. (ચેન્સ) હારડા; સેર.
Wreaths, n. (રીધ્સ) માળાઓ.
To put, ger. મુકવાને.
Round, (રાઉન્ડ) ગોલ.
Hats, n. (હૅટ્સ) ટોપીઓ.
Near, a. (નીઅર) નજદીક.
Stream, n. (સ્ટ્રીમ) ઝરો.
Clear, (ક્લીઅર) નિર્મળ; સાફ.
Runs, v. (રન્સ) વહે છે.
Through, prep. (થ્રુ) માંથી.
Sea, n. (સી) સમુદ્ર.
Has taken off, v. ઉતાર્યા છે; કાઢ્યા છે.
Shoes, n. (શુઝ) અડધા પગનાં બુત; જોડા.
Is bathing, v. (ઇઝ બેધિન્ગ) ધોવછે; ધુવેછે.
Feet, n. (ફીટ) પગો.
Cool, a. (કુલ) થંડાં.
Lovely, a. (લવ્લી) સુંદર.
Spot, n. (સ્પૉટ) જગા.
Wonder, n. (વન્ડર) અચંબો, અજાયબી. [આવી.
Came to be called, કેહેવામાં
Pretty, a. (પ્રિટિ) સુંદર.
Merry, a. (મેરિ) આનંદી.
Time, n. (ટાઇમ) વખત.
Cowslips, n. (કાઉસ્લીપ્સ) એક જાતના ગુલાબનાં ફુલો.
First, ad. (ફર્સ્ટ) પેહેલાં.
Appear, v. (એપીઅર) દેખાય છે.
Gilding, p. pr. (ગિલ્ડિન્ગ) સોનેરી જેવા.
Meadows, n. (મેડોઝ) બીડ, મેદાન. ઘાસવાળી જમીન.
Cups, n. (કપ્સ) ફુલો.
Happiest, a. (હૅપિએસ્ટ) સૌથી સુખી.
Year, n. (ઇઅર) વર્ષ.
Bees, n. (બીઝ) મધમાખો.
Busy, a. (બિઝિ) મેહેનતુ.
Hum, n. (હમ) ગુણગુણાત.
Play, v. (પ્લે) રમેછે.
Among, prep. (અમન્ગ) વચ્ચે.
Their, a. (ધેર) તેમના.
Golden, a. (ગોલ્ડન) સોનેરી રંગના.
Bells, n. (બેલ્સ) ફુલો.
Butterflies, n. (બટરફ્લાઇઝ) પતંગિયા.

Joy, n. (જૉય) ખુશી.
Pleasure, n. (પ્લેઝર) મજા.
Tells, v. (ટેલ્સ) કેહે છે.
Happy, (હૅપી) સુખી.
Children, n. (ચિલ્ડ્રન) છોકરાં; બચ્ચાં.
Woods, n. (ઉડ્ઝ) જંગલો.
Gathering, p. pr. (ગૅધરિન્ગ) એકઠાં કરતાં.
Flowers, n. (ફ્લાઉઅર્સ) ફુલો.
Will, n. (ઉઈલ) ખુશી; મરજી.
Fill, v. (ફિલ) ભરો.
Baskets, n.(બાસ્કેટસ)ટોપલીઓ.
Thousands, n. (થાઉઝન્ડસ) હજારો.
Will be left, v. રહી જશે.
Still, ad. (સ્ટિલ) હજી.
Youth, (યુથ) જુવાની.
Like, prep. (લાઇક) માફક.
Spring-time, n.(સ્પ્રીન્ગ ટાઇમ) વસંત રૂતુ.
Pretty, (પ્રેટી) સુંદર.
Again, ad. (અગેન) ફરીથી.
Coming, a. (કમિન્ગ) આવતું.

## જંગલમાં.

૧. ઉનાળામાં એક સુંદર દિવસે, નિશાળની છોકરીઓની એક મંડળી જંગલ મધે ઉજાણીમાં અડધો દિવસ ગુજારતી હતી.

૨. ચિત્ર તરફ જુવો અને તેઓ તમને જણાશે. તેઓ માંહેલી કેટલીક જંગલી ફુલો એકઠાં કરેછે જ્યારે બીજીઓ જુનાં બીચ ઝાડ ઉપર હિંચકા ખાય છે.

૩. નિશાળ બંધ થઇ છે, અને પાઠ થયા છે, ફુલો તડકામાં ખીલતાં દેખાય છે; હવે જંગલો ગાયનથી ગાજી રહે છે-મજાહથી હીંચકો ચાલે છે.

૪. કામ થઇ રહ્યા પછી ખુશાલી અને રમત આવેછે, હવે આપણને તેહેવાર મળ્યો છે; તનદરસ્તી અને ખુશાળી આપણી મજાહ આણેછે-મજાહથી, મજાહથી હીંચકો ચાલે છે.

૫. જંગલના એક ભાગને દેઝી બૅંક કહે છે; દરેક ઉનાળા માટે તે સુંદર સફેદ મોષરાનાં ઝાડથી ભરાઇ ગયલું હોય છે.

૬. પોતાની ટોપીઓને ફરતી વિંટાળવાને જંગલી ફુલોના હાર અને મોથરાની સેર કરવાને છોકરીઓ આ ઠેકાણે આવવાને ખુશી થાયછે.

૭. તેની નજીક નિરમળ પાણીનો સુંદર ઝરો છે, જે જંગલમાંથી દુર સમુદ્ર ભણી વહે છે.

૮. તમે જુવો છો કે છોકરીઓમાંની એકે પોતાનાં જોડા કાઢયા છે, અને તે થંડાં નિરમળ પાણીમાં પોતાના પગ ધુવે છે.

૯. તે એક રળીઆમણી જગાછે, અને ફેરી દેલનાં સુંદર નામથી તે કેહવાતી આવી એમાં કાંઇ નવાઇ નથી.

૧૦. છોકરા છોકરીઓ માટે આનંદી વખત.
જ્યારે કાઉસ્લીપ ગોલાબના ઝાડ પેહેલાં દેખાય છે.
પોતાનાં ફુલોથી મેદાનને સોનેરી રંગના જેવું કરી મુકેછે.
આખ્ખાં વરસમાં સોથી સુખી વખત !

૧૧. જ્યારે મધમાખીઓ મેહેનતુ ઘોંઘાટ સાથ,
પોતાના સોનેરી રંગનાં ફુલોમાં રમે છે,
અને પતંગીયાં આવેલાં છે, (ત્યારે)
તે સઘળું ખુશાલી અને મજાહની આગાહી કહેછે.

૧૨. સુખી બચ્ચાં, જંગલમાં,
તમારી મરજી પડે તેમ ફુલો એકઠાં કરતાં;
તમારી ટોપલીઓ ભરો—તેમને ભરપુર ભરો—
હજારો હજી ત્યાં રહી જશે.

૧૩. અરે ! જુવાનીનો સુખી વખત.
વરસની વસંતરૂતુની માફક;
સુંદર ફુલોની માફક, દરેક આવતા વરસે
ફરી ફરી આવે.

# THE BOY AND THE PLUMS.

## છોકરો અને આલુ.

Man, n. (મૅન) માણસ.
Was taking, v. લઈ જતો હતો.
Basket, (બાસ્કેટ) ટોપલી.
Plums, (પ્લમ્સ) આલુ.
Market, n. (મારકેટ) બજાર.
Carried, v. (કૅરિડ) લઈ ગયો.
Head, n. (હેડ) માથું.
Walked, v. (ઉવૉકડ) ચાલ્યો.
Along, (અલૉંગ) ઉપર; આગળ; બાજુએ.
Road, n. (રોડ) રસ્તો.
Dropped out, v. (ડ્રૉપ્ડ આઉટ) બહાર નિકળ્યા.
Fell, v. (ફેલ) પડ્યા.
Ground, n. (ગ્રાઉન્ડ) જમીન.
(Did not) notice, v. જાણ્યું નહિ.
To fall, inf. (ફૉલ) પડતાં
So, ad. (સો) તેથી કરીને.
Went, v. (ઉએન્ટ) ચાલી ગયો.
On, (ઑન) આગળ.
Poor, a. (પુઅર) ગરીબ.
Saw, v. (સૉ) જોયાં.
Picked up, v. (પિક્ડ અપ) ઊંચકી લીધા.
Called, v. (કૉલ્ડ) પાકાર્યો.
Who, pron. (હુ) જે.
Turned round, v. (ટર્ન્ડ રાઉન્ડ) પાછો ફર્યો.
Heard, v. (હર્ડ) સાંભળ્યો.
Stopped, v. (સ્ટૉપ્ડ) ઉભો રહ્યો.
Brought, v. (બ્રૉટ) આણ્યાં.
Put, v. (પુટ) મુક્યાં.
Hand, n. (હૅન્ડ) હાથ.
Thank, (થૅન્ક) ઉપકાર માનું છું.
Kindly, ad. (કાઈન્ડલી) મમતાથી.
Took, v. (ટુક) લીધું.
Fruit, n. (ફ્રુટ) ફળ.
Said, v. (સેડ) કહ્યું.
Putting, p. pr. (પુટિન્ગ) મુકતાં.
Take, v. (ટેક) લ્યો, લેવો.
Best, ad. (બેસ્ટ) સૌથી સરસ.
Pick, v. (પિક) નિવડવું; ચુંટવું.
Yourself, pron. (યોરસેલ્ફ) તમારી મેલે.
Honest, a. (ઑનેસ્ટ) પ્રમાણીક.

Had gone on, v. (હૅડ ગૉન ઑન) ચાલી ગયો.
On, (ઑન) આગળ.
Lad, n, (લૅડ) છોકરો.
Came up આગળ આવ્યો.
As well, એમજ
Might have kept, v. રાખ્યાં.
All that fell, જે સઘળાં પડયાં.
Could have given, v. આપી શકયો હોત..
Some, a. (સમ) થોડાંક.
Replied, v. (રિપ્લાઇડ) જવાબ આપ્યો.
Like, v. (લાઇક) ગમે.
Mine, pron. (માઇન) મારૂં પોતાનું.
Give, (ગિવ) આપવું.
Should have been stealing, (શુડ હૅવ બીન સ્ટીલીંન્ગ) હું ચોરી કરતે.
To lose, inf. (ટુ લૂઝ) ખોવાને.

## છોકરો અને આળુ.

૧. એક માણસ આળુની ટોપલી બજારમાં લઈ જતો હતો. તેણે તે ટોપલી પોતાના માથાં ઉપર લીધી. જ્યારે તે રસ્તામાં આગળ ચાલતો હતો ત્યારે ત્રણ ચાર આળુ બહાર નિકળ્યાં અને જમીન ઉપર પડયાં.

૨. પેલા માણસે તે ફળ પડતાં દીઠાં નહિ, તેથી તે આગળ ચાલી ગયો. પણ એક ગરીબ છોકરે તેમને પડતાં જેયાં અને તેમને ઉપાટી લીધાં.

૩. "અહિં આવ ! અહિં !" કરીને પેલા માણસને બોલાવ્યો; જે તે સાંભળી પાછો ફરયો અને અટકયો. તે છોકરે તેની આગળ આળુ આણ્યાં, અને તેમને તેના હાથમાં મુકયાં.

૪. પેલા માણસે ફળ લેતી વેળા કહ્યું, "મોટો ઉપકાર માનું છું;" "અને હવે," જમીન ઉપર પોતાની ટોપલી મુકીને તે બોલ્યો, "તારે માટે જે સૌથી સરસ આળુ તું ઉપાડી શકે તે લે, કારણ કે તું પ્રમાણિક છોકરો છે."

૯. જ્યારે પેલો માણસ આગળ ચાલ્યો, ત્યારે એક છોકરો આવી લાગ્યો અને તે છોકરાને બોલ્યો, "જે આણુ પડયાં હતાં તે સઘળાં તમે એમજ રાખી શકત; કારણ ત્યારે તમે કેટલાંક મને આપી શકત."

૧૦. "ના, ના," છોકરે જવાબ દીધો. "તને ભાવતું હોય તો આ આણુ લે, કારણ કે એ મારૂં છે તે આપું છું; પણ જે મારૂં નહિ તે તને આપત, તો હું ચોરી કરતો હોઉં એમ થાત. હું ગરીબ તો છું, પણ મારૂં ભલું નામ ખોવા મને ગમે નહિ."

## THE FOX AND THE GOAT.

### શિયાળ અને બકરો.

Every one, (ઍવરિ ઉઅન) દરેક જણ.
Heard, (હર્ડ) સાંભળ્યું.
Foxe's, n. (ફૉક્સીસ) કોહોલાની.
Cunning, n. (કનિન્ગ) લુચ્ચાઇ.
But, prep. (બટ) સિવાય.
Believed, v. (બિલીવ્ડ) માન્યું.
Very, ad. (વેરિ) ઘણો.
Hot, a. (હોટ) ગરમ.
Summer, (સમર) ઉનાળો
Springs, n. (સ્પ્રિન્ગ્સ) ઝરાઓ.
Brooks, n. (બ્રૂક્સ) નાળાંઓ.
Were dry,(ઉઅર ડ્રાઇ)સુકાઇ ગયા.
Looked, v. (લૂક્ડ) જોયું.
About, ad. (અબાઉટ) અહિં તહિં.
All day, આખો દિવસ.
In vain, (ઇન વેન) ફોકટમાં.
Water, n. (ઉઑટર) પાણી.
To drink, ger. પીવાને
Even, ad. (ઇવન) વળી.
Crept, v. (ક્રેપ્ટ) ધીમેથી ગયો.
Slyly, ad (સ્લાઇલિ) લુચ્ચાઇથી; આડતે રહીને.
Farm-yard, n. (ફારમ-યાર્ડ) ખેતર.
Dog, n. (ડૉગ) કૂતરો. [પડયું.
Had to leave, v. છોડી જવું
Great, a. (ગ્રેટ) ઘણી.
Hurry, n. (હરિ] ઉતાવળ.
At last, ad. (ઍટ લાસ્ટ) આખરે.

Thought, v. ( થોટ ) વિચાર કીધો.
Well, n. (ઉએલ) કુવો.
In the middle, વચમાં.
Field, n. (ફિલ્ડ) ખેતર.
Farm, n. (फारम) ખેતર.
Set off, v. (સેટ ઑફ) નીકળ્યો.
Speed, n. (સ્પીડ) ઝડપ.
Found, v. ( फाउन्ड ) માલમ પડ્યું
Quite, ad. (ક્વાઇટ) તદ્દન.
Out of his reach, તેની હદ બાહાર.
Tried, v. (ટ્રાઇડ) કોશેસ કીધી.
Again, ad. (અગેન) ફરીથી.
To reach, inf. (ટુ રીચ) પોંહુચવાને.
Tumbled, v. (ટમ્બલ્ડ) પડ્યો.
Heels over head, પગ ઉપર ને માથુ નીચે; ઉંધે મસ્તક.
He got a great fright, તે ઘણોજ બીધો
Fright, (फ्राइट) બીહીક; ભય. [થઈ.
Was hurt, v. (ઉઑઝ હર્ટ) ઇજા
Much, (મચ) ઘણો. [ઊંડો.
Very deep, (વૅરિ ડીપ) ઘણોજ

Glad, a. (ગ્લૅડ) ખુશી.
Enough, ad. (ઇનફ) પુરતી રીતે.
To drink, ger. પીવાને.
Thirst, n. (થર્સ્ટ) તરસ.
Was gone, v. બુજાઇ.
Wished, v. (ઉઇશ્ડ) ઇચ્છ્યું.
To get out, v. બાહારેં નિકળવાને.
Sides, n. (સાઇડસ) બાજુઓ.
Well, n. (ઉવેલ) કુવો.
Steep, a. (સ્ટીપ) ઉભી.
Even, ad. (ઇવન) વળી.
Standing, pr. p. (સ્ટૅન્ડિન્ગ) ઉભું રેહેતાં.
Hind, a. (હાઇન્ડ) પાછલા.
Legs, n. (લેગ્ઝ) પગ.
Half, a. (હાફ) અરધો.
Way, n. (ઉએ) રસ્તો.
Top, n. (ટૉપ) મથાળું.
Close, a. (ક્લોઝ) ઘેરાયલો.
Prisoner, n. (પ્રિઝનર) કેદી.
Next, a. (નેક્સ્ટ) બીજી.
Morning, n. (મૉર્નિંગ) સવાર.
Goat, n. (ગોટ) બકરો.
Came down, v. આવ્યો.
Seeing, pr. p. (સીઇન્ગ) જોતાં.

Good, a. (ગુડ) સારૂં.
Friend, n. (ફ્રેન્ડ) મિત્ર; દોસ્ત.
I cannot stop drinking it. હું પીતાં અટકતો નથી.
Jumped, (જમ્પ્ડ) કુદી પડયો.
Long-beard, a. (લૉંગ બીઅર્ડ) લાંબી દાઢીવાલો.
At once, ad. (ઍટ વન્સ) એકદમ.
No sooner than, જેવોજ-તેવોજ.
Leaped, v. (લીપ્ડ) કુદી પડયો.
Back, n. (બૅક) પીઠ.
Instant, n. (ઇન્સ્ટન્ટ) પલ.
Green, a. (ગ્રીન) લીલું.
Grass, n. (ગ્રાસ) ઘાસ.
Sprang, v. (સ્પ્રૅન્ગ) કુદયો.
Turned round, v. પાછો ફર્યો.
Thank, (થૅન્ક) ઉપકાર માનુંછું.
Madam, n. (મૅડમ) બાઇ.
I bid you good morning, હું તમુને(સવારની) સલામ કરૂંછું.
Silly, a. (સિલ્લિ) મૂર્ખ.
Soon, ad. (સૂન) તરતજ.
Foolish, a. (ફુલિશ) મુર્ખ.
To listen, inf. (ટુ લિસન) ધ્યાન આપવું.
Cunning, a. (કનિન્ગ) લુચ્ચો.
Trust, v. (ટ્રસ્ટ) ભરૂસો રાખો.
Is known, v. જણાયલો છે.
Sly, a. (સ્લાઇ) લુચ્ચું.
Selfish, a. (સેલ્ફીશ) આપ-મતલબી.

## શિયાળ અને બકરી.

૧. શિયાળની લુચ્ચાઈ વિષે દરેક જણે સાંભળ્યું હતું અને બકરી સિવાય દરેક જણ તે માનતું.

૨. એક ઘણા ગરમ ઉનાળામાં, જ્યારે સઘળા ઝરા અને નાળા સુકાઇ ગયાં ત્યારે એક શિયાળે આખો દિવસ ફોકટમાં પીવાના પાણીનો શોધ કરયો. તે એક ખેતરમાં પણ ચોરી છુપીથી ભરાયો; પણ ત્યાંના કૂતરે તેને દીઠો, અને તેને ભારે ઉતાવળથી તે ખેતર છોડી જવું પડયું.

૩. આખરે તે ખેતરની પાસેના ખેતરની વચોવચમાંના એક જુના કુવા વિષે તેણે વિચાર કર્યો; અને સઘળી ઝડપથી તે આગળ ગયો, તે ત્યાં જઇ પુગો ત્યારે તેમાંનાં પાણીને પોતાથી પોહોંચી શકાય નહિ એવું જણાયું.

૪. તેને પોહોંચવાને તેણે ફરી ફરી તજવીજ કરી અને આખરે ઉંધે મસ્તક માંહે પડયો ! તે અતિશય ચોંકયો, પણ તેને ઝાઝું વાગ્યું નહિ; અને પાણી ઘણું ઉંડું ન હતું, તેથી તે પીવાને તે પુરતો ખુશી હતો.

૫. જયારે તેની તરસ બુજાઇ, ત્યારે તેણે બાહાર નિકળવાની કોશેસ કરી; પણ કુવાની બાજુ ઉભી હતી, અને પાછલા પગ ઉપર ઉભા છતાં મથાળાને અરધે રસ્તે પોહોંચી શકયો નહિ. તે ત્યાં એક ઘેરાયલો બંદીવાન થયો !

૬. બીજી સવારે, એક બકરી કુવા આગલ આવી, અને શીયાલને ત્યાં જોઇ, બોલી. "કેમ પાણી સારૂં છે ?" "અરે !" શિયાળ બોલ્યો "નીચે આવ મારા દોસ્ત, તે એટલું તો સારૂં છે, કે તે પીતાં પીતાં હું અટકતોજ નથી !"

૭. લાંબી દાઢીવાળી એકદમ નીચે કુદી, પણ જેવી તે નીચે ગઇ તેવોજ શિયાળ તેણીની પીઠ ઉપર કુદયો, અને એક પલકમાં ઘાસવાળાં મેદાન ઉપર જઇ લાગો ! કુવાને મથાળે કુદતી વેળા તે પાછો ફરી બોલ્યો, "ઉપકાર માનુંછું, બાઇ તમારો; હું તમને સલામ કરૂંછું !"

૮ લુચ્ચા શિયાળની વાત ઉપર ધ્યાન દેવામાં મૂર્ખ બકરીએ તરત જોઈ લીધું કે તેણી કેવી બેવકુફ બની હતી.—જે લુચ્ચું અને આપમતલબી તરીકે જણાયલું હોય તે ઉપર કદી ભરૂસો મુકવો નહિં.

---

## THE HORSE.

### ઘોડો.

Horse, n. (હૉર્સ) ઘોડો.
Noble, a. (નોબલ) ઉમદા.
Useful, a. (યુસફુલ) ઉપયોગી.
Animal, n, (ઍનિમલ) પ્રાણી.
Gentle, a. (જેન્ટલ) નરમ સ્વભાવનું.
Willing, a. (વિલીન્ગ) રાજી.
To work, inf. કામ કરવાને.

Is made, v. (ઇઝ મેડ) બનાવવામાં આવ્યું છે.
To destroy, ger. (ટુ ડિસ્ટ્રોય) નાશ કરવાને.
To hurt, ger. (ટુ હર્ટ) ઇજા કરવાને.
Wolf, n. (ઉલ્ફ) વરૂ.
Lion, n. (લાયન) સિંહ.
Of use, (ઑફ યુસ) ઉપયોગનો.
Loves, v. (લવ્ઝ) ચાહે છે.
Master, n. (માસ્ટર) શેઠ.
Learns, v. (લર્ન્સ) શિખે છે.
To know, inf. (ટુ નો) ઓળખવાને.
Story, n. (સ્ટોરી) વાર્તા.
Is told, v. (ઇઝ ટોલ્ડ) કેહેવાયલી છે.
Soldier, n. (સોલ્જર) લશ્કરી શિપાઈ.
Favourite, a. (ફેવરિટ) માનીતો.
Never, ad. (નેવર) કદી નહી.
Seemed, v. (સીમ્ડ) દેખાયો.
Happy, a. (હૅપિ) સુખી.
Fierce, a. (ફીઅર્સ) ઝનુની; ઘાટકી.
Battle, n. (બૅટલ) લડાઇ.
Was killed, v. માર્યો ગયો.
Fell, v. (ફેલ) પડયો.
Body, v. (બૉડિ) શરીર.
Was found, v. મળી આવ્યું.
Afterwards, ad. (આફ્ટરઉઆર્ડસ) પછી.
Faithful, a. (ફેથફુલ) નીમકહલાલ.
Animal, n. (ઍનિમલ) પ્રાણી.
Still, ad. (સ્ટિલ) હજી.
Was standing, v. ઉભો હતો.
Beside, prep. (બિસાઇડ) પાસે.
During, prep. (ડયુરિન્ગ) માં.
Long, a. (લૉન્ગ) લાંબો.
Time, n. (ટાઇમ) વખત.
Had left, v. (હેડ લેફ્ટ) છોડી ગયો હતો.
[ગરુ
Without, prep. (ઉઇધાઉટ) વ-
Food, n. (ફુડ) ખોરાક; અન્ન.
Stood, v. (સ્ટુડ) ઉભો રહ્યો.
Over, prep. (ઓવર) ઉપરથી.
Driving away, pr. p. હાંકતો.
Birds, n, (બર્ડ્ઝ) પક્ષીઓ.
Prey, n. (પ્રે) શિકાર.
Another, a. (અનધર) એક બીજી.

About, prep. (અબાઉટ) વિષે.
Once, ad. (ઉઅ-સ) એક વખત.
Poor, a. (પુઅર) ગરીબ.
Was passing, v. (ઉઑઝ પાસી-ગ) જતો હતો.
Street, n. (સ્ટ્રીટ) મોહોલ્લો.
Suddenly, ad. (સડ-લી) એકાએક.
Stopped, v. (સ્ટોપ્ડ) ઉભો રહ્યો.
Looked, v. (લુક્ડ) જોયું.
Cried, v. (ક્રાઇડ) બોલી ઉઠયો.
My own, (માઇ ઓન) મારો પોતાનો.
Old, a. (ઓલ્ડ) જુનો.
Dear, a. (ડીઅર) વાહાલો
Fellow, n. (ફેલો) પ્રાણી.
Voice, n. (વૉઇસ) સાદ.
Laid back, v. (લેડ બૅક) પાછળ ધર્યા.
Ears, n. (ઇઅર્સ) કાનો.
Rubbed, v. (રબ્દ) ઘસ્યા.
Nose, n. (નોઝ) નાક.
Against, prep. (અગે-સ્ટ) સામે; [સાથ.
Hand, n. (હૅન્ડ) હાથ.
Stroked, v. (સ્ટ્રોક્ડ) પસવારયો.
Kindly, ad. (કાઇન્ડલી) માયાળુ રીતે.

Put, v. (પુટ) મુક્યો.
Pocket, n. (પૉકિટ) ગજવું.
Though, conj (ધો) જોકે.
Penny, n. (પેનિ) બે ફદીઆનો એક અંગ્રેજી સીક્કો.
To buy, inf. (ટુ બાઇ) ખરીદ કરવાને.
Feed, n. (ફીડ) ચારો.
Corn, n, (કૉર્ન) અનાજ.
Bring, ger. (બ્રિ-ગ) લાવવું.
Feeding, pr. p. (ફીડિ-ગ ખવડાવતો. [રહીને.
Staying, ger. (સ્ટેઈ-ગ) ઉભો
Asked, v. (આસ્કડ) પુછ્યું.
Stable, n. (સ્ટેબલ) તબેલો.
Went his way, પોતાને રસ્તે ગયો.
Driver, n. (ડ્રાઇવર) હાંકનાર.
Good, a. (ગુડ) ભલો.
Use, v. (યુસ) વર્તજે.
Well, ad. (ઉએલ) સારી રીતે.
Beautiful, a. (બ્યુટિફુલ) ખુબસુરત; ખુશકારક.
Sight, n. (સાઇટ) દેખાવ.
Wonder, n. (ઉઅન્ડર) અજાયબી.

Hurrah, (હુર્રા) હુર્રે; જય જય; શાબાસીનો બોલ. | Kindness, n. ( કાઇન્ડનેસ ) માયા; મેહેરબાની.

## ઘોડો.

૧. ઘોડો એક ઉમદા, ઉપયોગી પ્રાણી છે. તે નરમ અને કામ કરવાને ખુશી હોય છે. વરૂ કે સિંહની માફક, નાશ કરવાને કે ઇજા કરવાને તેને બનાવ્યો નથી, પણ માણસને કામ લાગવાને (તેને બનાવેલોછે.)

૨. ઘોડો પોતાના ધણીને ચાહે છે, અને તેને ઓળખતાં જલદી શીખે છે. એક લશ્કરી સિપાઇ જેની પાસે એક માનીતો ઘોડો હતો તે વિષે એક વાત ,કહેવાય છે કે તે તેનો ધણી જ્યારે તેની પીઠ ઉપર હોય ત્યારે જેટલો તે સુખી દેખાય તેટલો કોઇ વખત દેખાતો નહિં.

૩. આખરે, એક જોશભર ચાલેલી લડાઇમાં, તે સિપાઇ માર્યો ગયો, અને પોતાના ઘોડા ઉપરથી પડયો. જ્યારે તેનું મુડદું કેટલાક દિવસ પછી જણાયું, ત્યારે તે નીમકહલાલ પ્રાણી હજી તેની પાસે ઉભેલો હતો !

૪. તે લાંબા વખતમાં, તે ઘોડો પોતાના ધણીનું મુડદું છોડી ગયો ન હતો. અન્નપાણી વગર, શિકારી પક્ષીઓને હાકતો, તે પેલી પ્રેત ઉપર ઉભો રહયો હતો. શું તે ઉમદા પ્રાણી ન હતો ?

૫. ઘોડા વિષે એક બીજી વાત મને કહેવા દો. એક વેળા એક ગરીબ લશ્કરી સિપાઇ લંડનમાંના એક મોહોલ્લામાંથી જતો હતો. એકાએક તે અટકયો, અને તેણે મોહોલ્લાની બીજી બાજુ ઉપર એક ઘોડા તરફ કેટલોક વખત સુધી જોયા કીધું.

૬. મોહોલ્લો ઓલંગી બીજી બાજુએ દોડયો, ત્યારે તે બોલ્યો, "હું એને ઓળખું છું ! તે મારો પોતાનો જુનો ઘોડો છે. વહાલા જુના ઘોડા !,,

૭. ઘોડો તે અવાજ પિછાણતો દેખાયો, તેણે પોતાના કાન પાછળ કીધા, અને જે હાથ તેને એટલી માયાથી થોકતો હતો તે હાથ સાથ પોતાનું નાક ઘસ્યું.

૮. થોડીક પળ પછી. તે ગરીબ સિપાઈએ. પોતાનો હાથ તેના ગજવામાં મુકયો અને તેમ કરતી વેળા તે બોલ્યો, "હા, તે તેને મળશે, જોકે તે મારી છેલ્લી પેની હોય તો પણ! તેને માટે ચણાનું ખાવાનુ ખરીદવાને મારી પાસ પુરતું છે."

૯. તે આણવાને તે દોડયો; અને થોડીક પળમાં તે અનાજ લઈ પાછો આવ્યો, અને માયાથી ઘોડાને પોતાના હાથે ખવાડતો ઉભો.

૧૦. કેટલોક વખત સુધી તેની આગળ ઉભો રેહેવા પછી તેનો તબેલો કયાં હતો તેની પુછપરછ કરી કે તે તેને કોઈ બીજે દહાડે જઈને મળે.

૧૧. ત્યાર પછી તે તેને રસ્તે ગયો, અને તેને જતી વેળા હાંકનારને બોલાવ્યો, "ગરીબ ઘોડાની ઉપર મેહેરબાની રાખજો! અને તેની સાથ સારી રીતે વર્તજો."

૧૨. તે એક સુંદર દેખાવ હતો; અને એમાં નવાઈ જેવું ન હતું કે કેટલાક નાના છોકરાઓ જેઓ નજદીક ઉભેલા હતા તેઓએ, જ્યારે પેલા ગરીબ સિપાઈની પોતાના જુના મિત્ર તરફ મેહેરબાની જોઈ ત્યારે "હુરરા!" કરી બુમ પાડી.

---

## THE OLD HORSES STORY.

### બુઢા ઘોડાની વાર્તા.

| | |
|---|---|
| Have seen, v. દીઠા છે. | Fed, v. (ફેદ) ખવડાવતો હતો. |
| Better, a. (બેટર) વધારે સારા. | Plenty of oats, (પ્લેન્ટી ઑફ ઓટસ) પુષ્કળ જવના દાણા. |
| Must be, (મસ્ટ બી) થવું જોઈએ. | Hay, n. (હે) સુકું ઘાસ. |
| Content, a. (કન્ટેન્ટ) સંતોષી. | Nice a, (નાઈસ) સુંદર. |
| Young, a. (યન્ગ) જુવાન. | Clean, a. (કલીન) સાફ. |
| Lived, v. (લિવ્ડ) રેહેતો હતો. | Himself, pron. (હિમસેલ્ફ) પોતે. |
| Farm, n. (ફાર્મ) ખેતર. | |

**Knew**, v. (ન્યુ) ઓળખ્યો.
**Used to neigh**, (યુઝડ ટુ ને) ખંખારતો.
**Pleasure**, n. (પ્લેઝર) ખુશી.
**Would pat**, v. (વુડ પૅટ) ઠોકે.
**Pleasant**, a. (પ્લેઝન્ટ) આનંદી.
**Cheery**, a. (ચીઅરિ) ખુશી ઉપજાવે એવી.
**One could not help loving him**, કોઈથી તેને ચાહ્યા વગર રહે નહિ.
**I am sure**, મારી ખાતરી છે.
**Served**, v. (સર્વ્ડ) ચાકરી કીધી.
**Abroad**, ad. (અબ્રાડ) પરદેશ; દેશ બહાર
**Was sold**, v. વેચવામાં આવ્યો.
**Many ups and downs**, ઘણી ઉથલપાથલ, ઘણી મુશીબતો.
**Since then**, તે વખત પછીથી.
**Present**, a. (પ્રેઝન્ટ) હાલનો.
**Often**, ad. (ઑફન) વારંવાર.
**Heavy**, a. (હેવિ) ભારે.
**Loads**, n. (લોડઝ) બોજો.
To draw, ger. (ટુ ડ્રો) ખેંચવાને.
Scarcely, ad. (સ્કૅર્સ્લી) કદાચજ.
Am able, શક્તિવાન છું.
To draw, ger. (ટુ ડ્રૉ) ખેંચવાને.
Cart, n. (કાર્ટ) ગાડું.
Behind, prep. પાછળ. [ગ્રહસ્થ.
Gentleman, n. (જૅન્ટલમેન)
Made him take off, કઢાવ્યું.
Deserved, v. (ડિઝર્વ્ડ) લાયક થયો.
To be put, ger. નાંખવાને.
Jail, n. (જેલ) બંદીખાનું.
Would treat, v. વર્તે. [જોઈએ.
Should find, v. માલૂમ પડવું.
Would work, v. કામ કરૂં.
Better, (બેટર) અધિક સારૂં.
Should remember, v. (શુડ રિમેમ્બર) યાદ રાખવું જોઈએ.
Too, ad. (ટૂ) વળી.
Cares for, v. (કેર્સ ફૉર). કાળજી રાખે છે.
Creatures, n. (ક્રીચર્સ) પ્રાણીઓ.
Made, v. (મેડ) બનાવ્યા.

## બુઢા ઘોડાની વાર્ત્તા.

૧. હું એક ગરીબ ઘોડો છું. મેં ઘણા સારા દિવસો જોયલા છે; પણ મારી જીંદગીના બાકીના (વખત) સુધી જેમ હું હાલ છું તેમ

મારે સંતોષી રહેવું જોઈએ. જ્યારે હું જુવાન હતો ત્યારે હું ખેતરમાં રહેતો, અને મને એક માયાળુ શેઠ હતો; જે મને સારીપેઠે ખવડાવતો હતો.

૨. હમ્મેશ પુષ્કળ જવના દાણા અને સુકું ઘાસ તથા રહેવા-માટે સારો સાફ તબેલો મળતાં હતાં. મારો ધણી દરરોજ પોતે તબેલામાં મને જોવા આવતો. હું તેનો અવાજ પીછાણતો હતો, અને જ્યારે તેને આવતાં સાંભળતો, ત્યારે ખુશીમાં આવી ખંખારતો હતો.

૩. તે પોતાના હાથે મને ઠોકે અને એવી તો આનંદ અને ખુશાળ રીતે બોલે કે કોઈ પણ તેને ચાહયા વગર રહે નહિ; અને મારી ખાતરી છે કે તેની મેહેરબાની માટે હું તેને અધિકાધિક કામ લાગતો.

૪. બે વરસ પછી મારો ધણી બાહાર ગયો, અને મને વેચી નાખ્યો, ત્યાર પછીથી મારી ઉપર ઘણી ચડતી પડતી ગુજરી છે. મારો હાલનો ધણી મને પુરતું ખાવાનું આપતો નથી, અને તે વારંવાર લાંબો વખત મને ખોટી રાખે છે.

૫. તે આખો દિવસ કામ કરે, અને પછી પોતાનાં રાતનાં ભોજન માટે બે કલાક ખોટી રહેવું પડે તો મને અચરતી લાગે છે કે તે તેને કેવું ગમે. તે વારંવાર વળી એટલા ભારી બોજા ખેંચાવે છે કે મારી પછવાડેનું ગાડું હું મુશ્કેલીથી ખેંચી શકું છું.

૬. એક દિવસ એક ગ્રહસ્થ આવ્યો અને તેની પાસે ગાડામાંથી કાંઈક બોજો કાઢી નખાવ્યો. તે બોલ્યો કે જે કોઈ શખસે એક ઘોડા પાસે આવો ભારી બોજો ખેંચાવ્યો તે કેદમાં મોકલવા લાયક થયો.

૭. હું એવું ઈચ્છું છું કે મારો ધણી મને અધિક મમતાથી ચાહે. તેને માલુમ પડવું જોઈએ કે મારા બાકીના દિવસ હું સઘળું અધિક સારી રીતે કામ કરૂં. મારા ધણીએ યાદ રાખવું કે તેને માથેબી એક ધણી છે—તે એક એવો છે કે જેની નજર હમ્મેશ તેની ઉપર રહે છે.

અને જે ધણી જે પ્રાણીઓ તણે પેદા કર્યાંછે તે સઘળાં માટે કાળજી રાખે છે.

---

## THE TWO CROSSING-SWEEPERS.

## આડા માર્ગ વાળનાર બે કચરાપટીઓ.

Could claim, v. (કુડ કલેમ) દાવો કરી શકયા.
Single, a. (સિન્ગલ) એકાદ.
Friend, n. (ફ્રેન્ડ) મિત્ર.
Beneath, prep. (બિનીથ) નીચે; હેઠળ.
Wide-spread, a.(ૐઆઈડ સ્પ્રેડ) પોહોળાં પથરાયલાં.
Sky, n. (સ્કાઈ) આકાશ.
Each other, pr. એક બીજાને
Were bound, v.(ઉઅર બાઉન્ડ) બંધાયલા હતા.
Poverty's n. (પૉવરટિઝ) ગરીબાઈના.
Strong, a. (સ્ટ્રોન્ગ) મજબુત.
Tie, n. (ટાઈ) બંધ; ગાંઠ.
Though, conj. (ધો) જોકે.
Proud, a. (પ્રાઉડ) મગરૂર.
To beg, ger. (ટુ બેગ) ભીખ માંગવાને.
Upright, a.(અપરાઈટ)પ્રમાણીક.
Far, ad. (ફાર) ઘણીજ.
To steal, ger. (ટુ સ્ટીલ) ચોરી કરવાને.
Gladly, ad. (ગ્લેડલિ) ખુશીથી.
Would sweep, v. (ઉડ સ્વીપ) ઝાડુ કાઢે.
Clean, v. (કલીન) સાફ કરે.
To gain, ger. (ટુ ગેન) મેળવવાને.
Honest, a. (ઑનેસ્ટ) પ્રમાણીક.
Living, n. (લિવિન્ગ) ગુજરાણ.
Meal, n. (મીલ) ખાણું; ખોરાક.
Sad, a. (સેડ) દિલગીર.
Only, a. (ઓન્લી) માત્ર.
Often, ad. (ઑફન) વારંવાર.
Scraps, n. (સ્કૅપ્સ) ટુકડા.
Bread, n. (બ્રેડ) રોટલી.
Broken, a.(બ્રોકન) ભાંગી ગયેલી.
Fruit, n. (ફ્રુટ) ફળ.
Picked up, v. (પિકડ અપ) વીણી લીધા; ચુટી કાઢયા.

Street, n. (સ્ટ્રીટ) રસતો
Bleak, a. (બ્લીક) ઠંડી.
Bitter, a. (બિટર) સખ્ત.
At the close of March, માર્ચ મહીનાની આખેરીએ.
Slept, v. (સ્લેપ્ટ) સુતા.
Within, prep. (ઉઈધિન) માં.
Arch. n. (આર્ચ) મેહેરાબ.
Hungry, a. (હન્ગ્રી) ભુખ્યા.
Wandered, v.(ઉવાન્ડર્ડ) ભટક્યા.
Apple, n. (અૅપલ) સેબ. પેર.
Ground, n. (ગ્રાઉન્ડ) જમીન.
Thought, v. (થૉટ) વિચાર્યું.
Treat, n. (ટ્રીટ) મેજબાની.
Has been kicked about, અહિં તહિં ઠોકરાયલું છે.
Still, ad. (સ્ટિલ) હજી.
Turning,pr. p. (ટર્નિન્ગ) ફરતાં.
Mate, n. (મેટ) સાથી.
Haven't found,v.મળ્યું નથી.
Mournfully, ad. (મોરનફુલી) દિલગીરીથી.
Younger, a. (યન્ગર) વધારે જુવાન.
Bite away, v. (બાઇટ અવે) કરડી ખાવો.
Bit, v. (બિટ) કરડયો.
Piece, n. (પીસ) ટુકડો.
That won't do, એ ચાલશે નહિ.
You are welcome, તમને મુબારક છે.
Noble, a. (નોબલ) ઉમદા.
Lesson, n. (લેસન) પાઠ; શિખામણ.
Teach, v. (ટીચ) શિખવે.

**આડા રસ્તા વાળનાર બે કચરાપટિઓ.**

૧. તમને એક પણ મિત્ર હતો નહિ,
બોહોળા પથરાયલાં આકાશ તળે;
પણ એકમેક તરફ તેઓ બંધાયલા હતા,
ગરીબાઇના મજબુત ગાંથથી.

૨. જોકે ગરીબ, તોપણ એટલા મગરૂબ હતા કે ભીખ માગે નહિં,
એટલા બધા તો પ્રમાણીક કે ચોરી કરે નહિ;
અને ખુશીથી તેઓ કચરો કાઢે અને સાફસુફ કરે,
પ્રમાણીક ભોજન મેળવવાને.

૩. પણ કહેવાને દિલગીરી ઉપજે છે, કે એકપુરો ખોરાક"
જે તેઓને વારંવાર ખાવા મળતો;
તે રોટલીના કુકડા અને ફાટેલાં ફળ,
જે તેઓ મોહલ્લામાંથી ઉપાડતા હતા.
૪. સવારે સર્દ અને લાગે એવી હતી,
બરાબર માર્ચ માસની આખેરીએ;
અને આગલી રાત્રે તેઓ સુતા હતા,
બજારના એક મેહેરાબ હેઠળ.
૫. જ્યારે ઘણા ભુખ્યા, ઘણા થંડા થયલા,
તેઓ મોહોલ્લામાં ભટકતા હતા;
જોએ જમીન ઉપરથી એક સેબ ઉંચક્યું,
અને વિચાર્યું, " કાં, આતો એક ઉજાણી છે!"
૬. તે અહિં તહિં જરા ઠોકરાયલું છે,
પણ હજુ તે ઠીક છે;
અને પોતાના સોબતી તરફ ફરીને, તે બોલ્યો
"ઉઈલ, તેં શું ઉપાડ્યું છે?"
૭. "મને એક પણ કકડો મળ્યો નથી,"
ઉઈલી દિલગીરી સાથ બોલ્યો:—
"ત્યાર પછી, તમે નાના છો, ઉઈલ,
આવો અહિં—લેવો અને કરડો."
૮. તે ગરીબ છોકરે એક નાનો કકડો કરડયો.
"આહા! તે નહિ ચાલે!" જો બોલ્યો;
"જરા અધિક કરડ, ઉઈલી—હજી વધારે!
તમને મુબારક છે—તે તમે જાણો છો!"
૯. એક ઉમદા ધડો આ શિખવે,
વાહાલાં છોકરાં તમને;

બીજા સાથ કરો જેમ તમે ઇચ્છો,
કે તેઓ તમારી સાથ ચાલે.

---

## TELL THE TRUTH.
## સાચું બોલો.

Axe, n. (ઍક્સ) કુહાડો.
Greatly, ad, (ગ્રેટલિ) ઘણોજ.
Roamed, v. (રોમ્ડ) ભટક્યો.
About, (ઍબાઉટ) આસપાસ.
Trying, pr.p. (ટ્રાઇન્ગ) કોસેસ કરતાં.
Nearly, ad. (નીઅર્લી) લગભગ.
Young, a. (યન્ગ) નાનું.
Cherry-tree, n. (ચૅરિ-ટ્રી) ચેરીનું ઝાડ.
Began, v. (બિગૅન) શરૂ કીધું.
Deep, a. (ડીપ) ઊંડા.
Cuts, n. (કટસ) કાપો; ઘા.
Walked away, v. ચાલ્યો.
Prized, v. (પ્રાઇઝડ) કીમતી ગણાયલું.
Forgot, v.(ફરગૉટ) વિસરી ગયો.
By and by, રફતે રફતે;
The tree stood, ઝાડ ઉભેલું હતું.
Found, v. (ફાઉન્ડ)માલૂમ પડયું.
Fine, a. (ફાઇન) સુંદર.
Almost, ad. (ઑલ્મોસ્ટ) લગભગ.
Ruined, p. p. (રૂઇન્ડ) નાશ પામેલું.
Sternly, ad. (સ્ટર્નલિ) કરડી રીતે.
Did answer, v. (ડિડ ઍન્સર) જવાબ દીધો.
Did lay, v. (ડિડ લે) મુકયો.
Blame, n. (બ્લેમ) ઠપકો.
Any one else, બાજો કોઇ.
Tears, n. (ટીઅર્સ) આંસુઓ.
Face, n. (ફેસ) ચેહેરો.
Can't tell, v. કહી શકતો નથી.
Lie, n. (લાઇ) જુઠું.
Was afraid, (ઉઑઝ અફ્રેડ) બીધો હતો.
Truth, n. (ટ્રુથ) સાચું.
Forgave, v. (ફર્ગેવ) માફ કીધો.
Are tempted, v. (આર ટૅમ્પ્ટેડ) લલચાયછે.

To speak, inf. (ટુ સ્પીક) બોલવાને.
Happens, v. (હૅપન્સ) બને છે.
Like, prep. (લાઈક) માફક.
Come what may, જે બનવાનું હોય તે બને.
Cost it what it will, ગમે તે નિપજે.
Hides, v. (હાઈડસ) સંતાડે છે.
Wrong, a. (રૉન્ગ) ખોટું.

## સાચું બોલો.

૧. એક વેળા એક નાનો છોકરો હતો જેનું નામ જ્યૉર્જ હતું. અને તેના બાપે એક દહાડો રમવા માટે એક નાની કુહાડી આપી.

૨. જ્યૉર્જ તેથી ઘણો ખુશી થયો હતો, અને તે પોતાની સાથ બાગમાં લઈ ગયો. જે ચીજ તેના હાથ આવે ને દરેક ચીજ ઉપર તે અજમાવતો અહિં તહિં ભટકતો.

૩. આખરે તે એક નાનાં ચૅરી ઝાડ આગળ આવ્યો. અને તેની ઉપર તે કુહાડી અજમાવવા લાગ્યો. તે ઝાડમાં તેણે જલદીથી થોડાક ઉંડા ઘાઉ કર્યા; અને ત્યાર પછી તે બાગના બીજા ભાગ તરફ ચાલી ગયો.

૪. તે ચૅરી ઝાડને તેનો બાપ ઘણું કિમ્મતી ગણતો હતો; પણ તે વિષે જ્યૉર્જ સઘળું ભુલી ગયો. રફતે રફતે તેનો બાપ બાગના તે ભાગ તરફ આવ્યો કે જ્યાં પેલું ઝાડ ઉગેલું હતું.

૫. જ્યારે તેણે પોતાનાં સુંદર ચૅરી ઝાડને લગભગ નાશ પામેલું જોયું ત્યારે તે ઘણો દિલગીર થયો. "જ્યૉર્જ!" તેણે ચિરડાઈને પોતાના દીકરાને કહ્યું. "આ કોણે કર્યું છે?"

૬. શું જ્યૉર્જે આ જવાબ આપ્યો કે, "બાવા, હું જાણતો નથી?" અરે ના. તેણે કોઈ બીજા ઉપર આ ઠપકો મુકયો? અરે નહિ. આંખમાં આંસુ સાથ તેણે પોતાના બાપના ચેહેરા ભણી જોયું. તે બોલ્યો, "બાવા, હું જુઠું બોલી શકતો નથી—મેં તે કીધું."

૭. ભલો છોકરો! તે સાચું કહેવાને બીધો નહિં; અને તેના બાપે એકદમ તેને માફ કર્યો. છોકરાઓ જે સાચું નહિ તે બોલવાને વારંવાર

લલચાય છે. જયારે તેમ બને ત્યારે દરેક જણે જયોર્જનો વિચાર કરવો અને તેની માફક કહેવાને તજવીજ કરો કે "હું જુઠું કહી શકતો નહિ."

૮. ગમે તે બનો, છોકરાઓ, સાચું બોલજો.
"સાચું બોલો, અને હંમેશ તેમ કહેવો.
ગમે તે થાય તો પણ;
જે કોઇ પોતે કરેલું ખોટું છુપાવે,
તે હજી વધારે ખોટું કરે છે."

૯. આ વાતમાંનો છોકરો આજસુધી થઇ ગયલા સૌથી મ્હાન પુરૂષો માંહેલો એક થયો. તે જયાર્જ વૉશિંગટન હતો.

---

## THE DOG IN THE MANGER.

### ઢોર ઘોડાંને ઘાસ વગેરે ખવાડવાની જગામાંનો કૂતરો.

Lay, v. (લે) પડેલો હતો.
Manger, n. (મેન્જર) ઢોરને ચારો નિરવાની જગા; ઘાસની ગંજી.
Snarling, n. (સ્નારલિન્ગ) ઘુરકતો.
Snapping, n. (સ્નૅપિન્ગ) બચકું મારવા જતાં.
Kept, v. (કેપ્ટ) દુર રાખ્યો હતો.
Cows, n. (કાઉઝ) ગાયો.
Selfish, a. (સેલ્ફીશ) આપ મતલબી; એકલપેટુ.
Companions, n. (કંમ્પૅનીઅન્સ) સાથીઓ.
Is that all, ? એટલીજ કે ?
Short, a. (શૉર્ટ) ટુંકી.
Long, a. (લૉન્ગ) લાંબી.
Uncle, n. (અન્કલ) કાકો.
Had had, v. પાસે હતી.
Doll, n. (ડૉલ) ઢીંગલી.
So long, એટલી લાંબી.
Became, v. (બિકેમ) થઇ.
Tired, p. p. (ટાયર્ડ) કંટાળેલી.
Used to leave, v. છોડી મુકતી.
Lying, pr. p. પડતી.
Till, prep. (ટિલ) જયાં સુધી.
Closet, n. (કલૉઝેટ) ઓરડી.
Some one. કોઇએ.
New, a. (ન્યુ) નવી.
Beautiful, a. (બ્યુટિફુલ) સુંદર.

Played, v. (પ્લેડ) રમ્યા કરતી.
All day, આખો દિવસ.
Never, ad. (નેવર) કદી નહિ.
Spending a thought, વિચાર કરતી.
Old, a. (ઓલ્ડ) જુની.
Busily, ad. (બિઝિલિ) ઉદ્યોગથી.
Engaged, v. (એન્ગેજડ) રોકાયલી.
Younger, a. (યંગર) અધિક નાની.
Watched, v. (ઉવૅાચ્ડ) તપાસતી.
Little one, નાની છોડી.
Wish, v. (ઉઇશ) ઇચ્છું છું.
Please, (પ્લીઝ) મેહેરબાની કરીને.
Won't-will not, નહિ દઇશ.
Pleading, a. (પ્લીડિન્ગ) અરજ કરતી.
Will take, v. (ઉઇલ ટેક) લઇશ.
Care, n. (કેર) સંભાળ.
Sister, n. (સિસ્ટર) બેહેન.
Crying, pr. p. (ક્રાઇન્ગ) રડતી.
Finished, v. પુરી કીધી.
Meant, v. (મેન્ટ) કહેવાની મતલબ હતી.
Sweets, n. (સ્વીટસ) મીઠાઇ.
Because, conj. (બિકૅાઝ) કારણ કે.
Kind, a. (કાઇન્ડ) માયાલુ.

## ઢોર ઘોડાંને ઘાસ વગેરે ખવાડવાની જગામાંનો કૂતરો.

૧. "ઢોર ઘોડાંને ખવાડવાની જગામાંનો કૂતરો! જૉહન કાકા, તે શા વિષે છે? તે વાત મને કહો."

"એક કૂતરો ગંજીમાં પડેલો હતો," જૉહન કાકા બોલ્યો, "અને તેના ઘુરકવાથી તથા બચકું ભરવાથી જે ઘાસ ગાયોને માટે ત્યાં ભરી મુકયું હતું તે ખાવાથી તેમને અટકાવતો."

૨. એક ગાયે પોતાના સોબતીઓને કહ્યું, "જુવો એકલપેટુ કૂતરો! તે પોતે ઘાસ ખાતો નથી, અને વળી જેઓ તે ખાઇ શકે તેમને ખાવા પણ દેતો નથી."

૩. "એટલીજ કે? એતો ઘણી ટુંકી વાત થઇ," જેન બોલી.

"તે ઘણી લાંબી વાત નથી, પણ જો તમારી ઇચ્છા હોય તો હું તમને એક બીજી વાત કહીશ," તેણીના કાકાએ કહ્યું.

"અરે, કાકાજી, અમને એક બીજી વાત કહો."

૪. "એક વેળા એક નાની છોકરી હતી," જૉહન કાકા બોલ્યા, "જેણીની પાસ એક ઢીંગળી હતી, તે એટલી લાંબી કે તેણી તથી કંટાળી ગઈ. તેણી તેને અહિંતહિં પડેલી રાખતી હતી, જ્યાં સુધી તેણીની માએ તેને ઉપાડી લીધી અને ઓરડીમાં બાજુએ મુકી ત્યાર પછી તે છોકરીને કોઇએ એક નવી અને સુંદર ઢીંગલી આપી, જે સાથ તેણી આખો દિવસ પોતાની જુની ઢીંગલીનો કદી પણ વિચાર કર્યા વગર રમ્યા કરતી.

૫. એક દિવસ જ્યારે તેણી પોતાની સુંદર ઢીંગળી સાથ અતિશય રોકાયલી હતી ત્યારે તેની નાની બેહને તેણીને તપાસ્યા કીધી. તે નાની છોડી બોલી, "બેહન, મારી પાસ એક નાની ઢીંગળી હોત એવું હું ઇચ્છું છું. મેહેરબાની કરી મને તમારી બીજી ઢીંગલીએ રમવા દો.

૬. "નહિં, હું નહિં દેવાની," તે નાની છોકરીએ કહ્યું.

"રમવા દો બેહેન," પેલી નાની બેહને કાકલુદી કરતા અવાજે કહ્યું, "હવે તમે તે સાથ રમતાં નથી, અને હું તેની સારી સંભાળ લઇશ."

૭. પણ તે નાની છોડી તે ઢીંગલીએ પોતાની બેહેનને રમવા દે નહિં; અને ગરીબ નાની છોકરી રડતી રડતી ગઇ.

૮. જ્યારે જૉહન કાકાએ પોતાની વાત પુરી કીધી ત્યારે તેણે જેનના ચેહેરા ઊપરથી જોઇ લીધું કે તે શું કહેવા માંગતા હતા તે તેણી સમજતી હતી.

૯. "પેલે દહાડે," જેને કહ્યું, "તેણી પોતાની મોઠાઇમાંથી થોડીક મને આપે નહિં, જો કે તેણીની પાસ પોતાથી ખવાઇ શકાય તે કરત. જીઆદા હતી."

૧૦. "હં, હું સમજ્યો!" તેણીના કાકાએ કહ્યું. "એક કુતરો ઢોરને ચારો નિરવાની જગામાં હોય તો તેમાંજ એક બીજો કુતરો હોવો જોઇયે.

હું ધારું છું કે તમારી નાનો બેહેન ઉપર માયાળુ થાવો તો તે તમારી ઉપર માયાળુ થાય, અને ઢોરને ચારા નિરવાની જગામાં તો કુતરો ભોલકુલ રહે નહિ."

---

## WAITING TO GROW.

## ઉગવાને ખોટી.

Waiting, pr. p. (ઉએટીન્ગ) ખોટી.
Grow, inf. ઉગવું.
Little, a. (લિટલ) નાના.
White, a. (ઉવ્હાઈટ) સફેદ.
Snow-drop, n. (સ્નો ડ્રોપ) એક જાતનો રોપો.
Waking up, pr. p. (ઉવેકિન્ગ અપ) જાગ્રત થતો; ખોલતો.
Violet, n. (વાયોલૅટ) એક જાતનું ઝાડ ને તેનું ફુલ.
Sweet, a. (સ્વીટ) સુગંધી.
Butter cup, n. (બટરકપ) એક જાતનું ફુલ.
Think, v. (થિન્ક) વિચાર કરો.
Under, prep. (અન્ડર) તળે.
Hosts, n. (હોસ્ટસ) મોટો જથ્થો.
Queer, a. અજબ; વિલક્ષણ; તરેહવાર.
Seeds, n. (સીડ્ઝ) બીઆં.
Mosses, n. (મૉસિસ) નાની લીલના રોપા.
Ferns, n. (ફ્રર્નસ) એક જાતનો રોપો.
Weeds, n. (ઉવિડ્ઝ) નકામો રોપો.
Leaves, n. (લીવ્ઝ) પાંદડાં.
Roots, n. (રૂટસ) મુલીઆં.
Getting, pr. p. (ગેટિન્ગ) થતાં.
Ready, a. (રેડિ) તૈયાર.
To sprout, ger. (ટુ સ્પ્રાઉટ) ફુટવાને.
Reaching, pr. p. (રીચિન્ગ) પુગતાં.
Slender, (સ્લેન્ડર) પાતળાં.
Brown, a. (બ્રાઉન) ભુરા.
Fingers, n. (ફિન્ગર્સ) આંગળાં.
Month, n (મન્થ) મહીનો.
Weeks, n. (ઉઈક્સ) અઠવાડીયાં.
Listen, v. (લિસન) સાંભળો.
Watch, v. (ઉવૉચ) તપાસો.
Below, ad. (બિલો) નીચે.
Nothing, n. (નથિન્ગ) કાંઈ નહિ.
Hidden, p. p. (હિડન) સંતાયલું.
Well, ad. (ઉએલ) સારી રીતે.

Presently, ad. (પ્રેઝન્ટલી) તરતજ.
Sun, n. (સન) સૂરજ.
Shine, inf. (શાઈન) પ્રકાશવું.
Rain, n. (રેન) વરસાદ.
To help, ger. (ટુ હેલ્પ) મદદ કરવાને.
To grow, inf. (ટુ ગ્રો) વધવાને.

## ઉગવાને ખોટી.

૧. નાનાં સફેદ સ્નોડ્રોપ, તરતનાં ખીલતાં,
વાયોલેટ, દેઝી, અને સુગંધી બનરફપ!—
જે ફુલો બરફની નીચે ઉગવાને ખોટીછે તેમનો
વિચાર કરો !

૨. અને વિચાર કરો કે વિલક્ષણ નાનાં બિઆંનો—
ફુલો અને લીલનો, સગોવરની જાતનાં ઝાડ અને
નકામા વિટલાતા રોપાના કેવા જથ્થા—
પાંદડાની અને બરફની હેઠળ ઉગવાને ખોટી છે !

૩. ફુટવાને તૈયાર મૂલ્યાંનો વિચાર કરો,
પોતાનાં નાજુક ભુરાં આંગમાં આજુબાજુ પોહોંચાડતા,
આઈસ અને પાંદડાં અને બરફ હેઠળ,
ઉગવાને ખોટી રહેતાં !

૪. માત્ર એક મહિનો કે થોડા અઠવાડિયાં વધારે,
તે બારણાની (બરફના ઢાંકણની) પછવાડે તેમને થોભવું પડશે!
ઉગવાને ખોટી રહેતાં, સાંભળતાં અને તપાસતાં નીચે થોભતાં!

૫. એવી નાની અથવા એવી સારી રીતે સંતાયલી, કોઈ ચીજ નથી,
કે ખોદા તેને જોશે નહિં અને કે તે પોતાના સૂર્યને
તેમને ઉગવામાં મદદ કરવાને કયાં પ્રકાશવું તે તથા પોતાના વરસાદને
કયાં જવું તે તુર્ત કહેશે નહિં.

# THE SHETLAND PONY.

## શેટલૅન્ડ ટટ્ટુ.

Shetland, n.(શેટલૅન્ડ)સ્કાટલૅન્ડ દેશનો એક પ્રાંત છે.
Pony, n. (પોનિ) ટટ્ટુ.
Very, ad. (વેરી) ઘણો.
Small, a. (સ્મૉલ) નાનો.
Kind, n. (કાઇન્ડ) જાત.
Horse, n. (હૉર્સ) ઘોડો.
Group, n. (ગ્રુપ) ગુચ્છ.
Islands,n.(આઇલન્ડસ) ટાપુઓ.
North, n. (નૉર્થ) ઉત્તર.
Scotland, n. (સ્કૉટલૅન્ડ) યુરોપ ખંડનો એક દેશ જે ઈંગ્લાંડની ઉત્તરમાં છે.
Map, n. (મૅપ) નકશો.
Are swept, v. ( આર સ્વૅપ્ટ ) [ધોવાયછે.
Sides, n. (સાઇડસ) બાજુઓ.
Cold, a. (કોલ્ડ) થંડા.
Winds, n. (વિન્ડસ) પવન.
Ocean, n. (ઓશન) સમુદ્ર.
Plants, n. (પ્લૅન્ટસ) રોપાઓ.
Quite, ad. (ક્વાઇટ) તદ્દન.
Trees, n. (ટ્રીઝ) ઝાડો.
Such as, (સચ ઍઝ) જેવાંકે.
Wander, v. (વૉન્ડર) રખડેછે.
Get, v. (ગેટ) મેળવે છે.
Their, p. (ધેર) તેમનો.
Food, n. (ફૂડ) ખોરાક.
Feeding, ger. (ફીડિન્ગ)ચરીને.
Short, a. (શૉર્ટ) ટુંકા.
Hills, n. (હિલ્સ) ટેકરીઓ.
Wide, a. (વાઇડ) પોહોળાં.
Wastes, n. (વેસ્ટસ) નકામી જગાઓ; મેદાનો.
Hardy, a. (હાર્ડિ) મજબુત.
Are stabled, v.(આર સ્ટેબલ્ડ) તબેલામાં રાખવામાં આવેછે.
House, n. (હાઉસ) ઘર.
Stone wall, n. (સ્ટોન વૉલ) પથ્થરની ભીત.
Shelter, n. (શેલ્ટર) છાંયો.
Are left, v. (આર લેફ્ટ) છોડવામાં આવે છે.
As they best can, જેમ તેઓથી સરસ રીતે બની શકે તેમ.
Native, a. (નેટિવ) વતની.
Shores, n. (શોર્સ) કીનારા.
Long, a. (લૉંગ) લાંબો.
Snow-storm, (સ્નો સ્ટૉર્મ) બરફનું તોફાન.

**Hay,** (**હે**) સુકું ઘાસ.
**Straw,** n. (સ્ટ્રૉ) ઘાસનો પેંડો.
**May be given,** આપવામાં આવે.
**Owners,** n. (ઓનર્સ) ધણીઓ.
**Once,** ad. (વૅન્સ) એક વખત.
**Ponies,** n. (પોનિઝ) ટટ્ટુઓ.
**Live,** v. (લિવ) રહેછે. [રીને.
**Chiefly,** ad. (ચીફલી) મુખ્ય ક-
**Eating,** ger. (ઇટિન્ગ) ખાતાં; ખાઇને.
**Drift-weed,** n. (ડ્રિફ્ત ઉઇદ) પાણીના પ્રવાહથી ઘસડાઇથી આ-વેલો પાલો.
**That,** p. (ધૅટ) જે. [આવે છે.
**Is thrown up,** v. નાખવામાં
**Beach,** n. (બીચ) કીનારો.
**Farmers,** n. (ફાર્મર્સ) ખેડુતો.
**Sometimes,** ad. (સમટાઇમ્સ) કોઇ કોઇ વખત.

**Allow,** v. (ઍલાઉ) દે છે.[ઓ.
**Kitchens** n. (કિચન્સ) રાંધણી-
**To lie down,** inf. સુવાને.
**Easily,** ad. (ઇઝિલિ) સેહેલાઇથી.
**Can stand,** v. (કૅન સ્ટૅન્ડ) ઉભા રહી શકે છે.
**Pet,** v. (પૅટ) પ્યાર કરે છે; પસ-વારે છે.
**Creeping,** (ક્રીપિન્ગ) ધીમેથી ચાલનો.
**Pond,** n. (પૉન્ડ) તળાવ.
**Fell in,** v. (ફેલ ઇન) માંહે પડયો.
**Would have drowned,** v. ડુબી મુવો હોત.
**Took hold of,** v. પકડી લીધો.
**Dress,** n. (ડ્રેસ) પોશાક.
**Teeth,** n. (ટીથ) દાંત.
**Held up,** v. ધરી રાખી.
**Help,** n. (હેલ્પ) મદદ.

## શેટલૅન્ડ ટટ્ટુ.

**૧.** શેટલૅન્ડ ટટ્ટુ એક ઘણો નાની જાતનો ઘોડોછે જે સ્કૉટલૅન્ડની ઉત્તરે શેટલૅન્ડ નામના એક ટાપુનાં ગુચ્છાં તરફથી આવે છે. તમે તેમને નકસામાં જોઇ શકશો.

૨. એ ટાપુઓ ઉપર સર્વે બાજુએ મ્હાસાગરમાંથી (ફુંકતા) ઠંડાં પવનના સપાટા આવે છે. જેથી જે રોપા ત્યાં ઉગે છે તે તદન નાના

હોય છે. ત્યાં ઝાડ થોડાં હોય છે, અને જે જંગલો આપણે ત્યાં છે તેવા ત્યાં હોતાં નથી.

૩. ટટ્ટુઓ તે બેટો ઉપર ભટક્યા કરે છે, અને ઉનાળામાં આછું ઘાસ જે ટેકરીઓ અને બોહોળાં મેદાનો ઉપર ઉગે છે તે ખાઈને પોતાનો ખોરાક મેળવે છે.

૪. શેટલૅન્ડમાં આ કસાઈને મજબુત થયલા નાના ઘોડાઓને તબેલામાં કદી પણ રાખવામાં આવતા નથી. એકાદ ઘરની કે પથ્થરની ભીંતની બાજુએજ તેમને આસરો મળે છે. ઘણાકોને પોતાના દેશી ડુંગર અને કિનારા ઉપર તેમનાથી જે સરસ રીતે બની શકે તે કરવાને છોડી મુકવામાં આવે છે.

૫. લાંબા બરફનાં તોફાન વેળાએ, તેમના માલેકો તરફથી તેમને થોડુંક સુકું ઘાસ કે પેંડો દર બબે કે ત્રણ ત્રણ દિવસે એક વેળા આપવામાં આવે. ટટ્ટુઓ તે વેળાએ કિનારા ઉપર જે ઘસડાઈ આવતા બાજા હોય છે તે ખાઈને મુખ્ય કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

૬. ખેડુતો કોઈ કોઈ વખત એ નાના ઘોડાઓને પોતાના રસોડામાં જવા અને પડી રહેવા દે છે. કેટલાક એટલા નાના હોય છે કે તેઓ સેહેલાઈથી એક મેજની હેઠળ ઉભા રહી શકે છે. છોકરાંઓ જેમ મેંઢાંને કરે તેમ તેને પસવારે છે.

૭. એક વેળા એક નાનું બચ્ચું જે એક તળાવ આગળ ચાલતું હતું તે માંહે પડયું, અને જો એ ટટ્ટુઓમાંનો એક ટટ્ટુ ત્યાં ન હોતતો તે ડુબી મરત. તેણે તે બાળકનો પોષાક પોતાના દાંતમાં ઝાલ્યો, અને જ્યાં સુધી કોઈ તેની મદદે પોહોંચ્યું ત્યાં સુધી તેને પાણીની બહાર ઉપર ઉંચકી રાખ્યું.

# THE BOY THAT TOLD LARGE STORIES.

## છોકરો જે મોટી મોટી વાર્તા કેહેતો.

Habit, n. (હૅબિટ) ટેવ. [ની.
Telling, ger. (ટેલિંગ) કેહેવા.
Stories, n. (સ્ટોરિઝ) વાર્તા. [લી.
Squirrel, n. (સક્વિરલ) ખીસકો.
Woods, n. (ઉડઝ) જંગલો.
Big, a. (બિગ) મોટી.
Bear, n. (બેર) રીંછ.
Killed, v. (કિલ્ડ) મારી નાંખ્યા.
At a shot, એક ગોળીએ.
Shot, n. (શૉટ) ગોળી.
Would boast, v. બડાઈ હાંકે.
Couple of dozen, (કપલ ઑફ ડઝન) બે દજન.
Rat, n. (રૅટ) ઊંદર.
Ox, n. (ઑકસ) બલદ.
No more, (નો મોર) વધારે નહીં.
Next, a. (નેક્સ્ટ) બીજે.
Son, n. (સન) દીકરો.
Set out, v. (સૅટ આઉટ) નીકળ્યા.
Journey, n. (જર્નિ) મુસાફરી.
Travelled, v. (ટ્રૅવલ્ડ) મુસાફરી કીધી.
On foot, ad. ચાલતા; પગે.

Soon, ad, (સુન) તરતજ.
Broad, a. (બ્રૉડ) પોહોળી.
River, n. (રિવર) નદી.
Stream, n. (સ્ટ્રીમ) ઝરો.
Dangerous, a. (ડેન્જરસ) ભય ભરેલું.
Must swim, v. (મસ્ટ સ્વિમ) તરવું જોઈએ.
Across, prep. (ઍક્રૉસ) પેલેપાર.
Turned, v. (ટર્ન્ડ) થયો.
Pale, a. (પેલ) ફીક્કો.
Began, v. (બિગૅન) શરૂ કીધું.
Shake, inf. (શેક) ધ્રુજવા.
As if, conj. (ઍઝ ઇફ) જાણે કે.
Ill, a. (ઇલ) માંદો; આજારી.
What's the matter, શું થયું છે.
Why, ab. (ઉહ્વાય) કેમ; શામાટે.
Was thinking, v. વિચાર કરતો હતો.
Reply, n. (રિપ્લાઈ) જવાબ.
Bigger, a. (બિગર) વધારે મોટું.
Sheep, n. (શીપ) મેંઢું.
Youth, n. (યુથ) છોકરો.

Let us proceed, (લેટ અસ પ્રો-સીડ) ચાલો આપણે આગલ બોલ્યે.
Now, ad. (નાઉ) હવે.
Entered, v. (ઍન્ટર્ડ) દાખલ થયા.
Soon, ad. (સુન) તરતજ.
Got, v. (ગૉટ) ગયા.
Beyond, prep. (બિયૉન્ડ) ઉપરાંત.
Depth, n. (ડેપ્થ) ઊંડાણ.
Was taken down, લઈ જવામાં આવ્યો.
Became, g. (બિકમ) થયો.
Frightened, p. p. (ફ્રાઇટન્ડ) બીધો.
Help, v. (હેલ્પ) મદદ.
Am drowning, (ઍમ ડ્રાઉનિન્ગ) ડુબી જાઉં છું.
Nearly, ad. (નિઅરલિ) લગભગ.
Had lost, v. (હૅડ લૉસ્ટ) ખોયો હતો.
Breath, n. (બ્રેથ) દમ.
Sink, inf. (સિન્ક) ડુબવાને.
Neck, n. (નેક) ગરદન [છિલ્લે.

After all, (આફ્ટર ઑલ) અંતે.
Mouse, n. (માઉસ) ઊંદર.
Upon this. (અપૉન ધિસ) આ ઉપરથી.
Shoulders, n. (શોલ્ડર્સ) ખાંધ.
Carried, v. (કૅરિડ) લઈ ગયો.
Safely, ad. (સેફ્લિ) સહી સલામતથી.
Forgot, v. (ફર્ગૉટ) ભુલી ગયો.
Lesson, n, (લેસન) પાઠ.
Taught, v. (ટૉટ) શિખવ્યું.
Whenever, ad (હ્વેનઍવર) જ્યારે જ્યારે.
Was tempted, v. લલચાતો હતો.
Use, ger. (યુઝ) વાપરવાને.
Boasting, a. (બોસ્ટીન્ગ) બડાઈના.
Words, n. (વર્ડ્ઝ) શબ્દો.
Thought, n. (થૉટ) વિચાર.
Caused to tell, (કૉઝ્ડ ટુ ટેલ) કેહેવાડતું હતું.
Truth, n. (ટ્રુથ) સાચું.

## છોકરો જે મોટી મોટી વાતો કહેતો.

૧. એક વેલા એક છોકરો હતો જેને ઘણી મોટી વાતો કરવાની ટેવ પડેલી હતી. જ્યારે જંગલમાં તે ખીસકોલી જોતો ત્યારે તે ઘરે આવતો અને કહેતો કે તેણે કંઈ ચીજ શીંછ જેટલી મોટી જોઈ હતી.

જો એક ગોળીએ બે પક્ષી મારતો, તો એવી વડાઇ કરે કે બે ડજન પક્ષીઓ તેણે મારયાં હતાં.

૨. એક દહાડો આ છોકરો ઘરે પોતાનાં બાપ આગળ આવ્યો અને બોલ્યો કે તેણે એક ઉંદર બલદના જેવડો મોટો દીઠો હતો. "અરે નહી," તેના બાપે કહ્યું; "બલદના જેટલો મોટો નહિ;" "હા, બલદના જેવડો મોટો," છોકરે કહ્યું.

૩. બાપે કાંઇ વધારે કહ્યુ નહિ, પણ બીજે દહાડે તે અને તેનો દીકરો મુસાફરીએ નિકલ્યા. તેઓ પગે મુસાફરી કરતા હુતા, અને જલદીથી એક પોહોલી નદી આગળ આવ્યા. "આ કિનો ઝરો છે?"

૪. બાપે કહ્યું, "જેઓ મોટી વાર્તા કરે તમને માટે તે ઘણો ભયંકાર ઝરો છે. ચાલ, મારા દીકરા, આપણે તરીને એ ઓલંગી જવો જોઇએ."

૫. છોકરો એકદમ ફિક્કો થઇ ગયો, અને જાણે તે માંદો હોય તેમ ધ્રુજવા લાગો. તેના બાપે કહ્યું "તને શું થયું છે?" છોકરે કહ્યું, "કાં, હું તો પેલા ઉંદર વિષે વિચારતો હતો."

૬. "કેમ, ઊંદર વિષે શું?" એ જવાબ હતો. "કાં, હું નહિ ધારતો કે તે મેં દીઠાં કરતાં વધારે મોટો હતો," છોકરે કહ્યું. "ઠીક, ઠીક," બાપે કહ્યું, "ચાલો આપણે આગળ જઇએ."

૭. તે બંધે હવે પાણીમાં દાખલ થયા, અને જલદીથી પોતાની ઊંડાઇ (ઊંચાઇ)ની ઉપરાંત ગયા. છોકરો ઝરાની હેઠળ ચાલ્યો અને ઘણો બીહીધો. "બાવા, બાવા," તેણે કહ્યું. "મદદ! મદદ કરો! હું ડુબુ છું! અરે, પેલો ઊંદર! પેલો ઊંદર! હું નહિ ધારતો કે તે ખીસકોલી કરતાં વધારે મોટો હતો."

૮. છોકરે લગભગ પોતાનો દમ ખોયો હતો. ને ડુબવા લાગો,

અને પાણી તેની ગરદન સુધી આવ્યું હતું. "રે બાવા, બાવા," તે બોલ્યો, "સઘળું છતાં તે ઊંદર તે ઉંદરજ હતો."

૯. આ ઉપરથી બાપ છોકરા આગળ ગયો, તેણે તેને પોતાના ખભે ઉઠાવ્યો, અને ઝરાની પેલી પાર સહીસલામત લઈ ગયો.

૧૦. પોતાના બાપે જે બોધ કીધો હતો તે પેલો છોકરો કદી ભુલ્યો નહિ. અને જ્યારે જ્યારે મોટી વાર્તા કહેવાને અને વડાઈના બોલ વાપરવાને લલચાતો એટલે ઊંદર અને નદીનો વિચાર તેને સાચું બોલાવતો.

---

## THE PET LAMB.

### લાડકું ગેટું.

Had been sold, v. વેચવામાં આવ્યું હતું.
To buy, ger. (ટુ બાઈ) ખરીદ કરવાને.
Food, n. (ફૂડ) ખોરાક; અન્ન.
Clothing; n. (ક્લોધિન્ગ) પેહેરવાના કપડાં.
Family, n. (ફૅમિલિ) કુટુંબ.
At last, ad. (ઍટ લાસ્ટ) છેલ્લે સરવાલે.
Was left, v. (ઉઑઝ લેફ્ટ) રહ્યું હતું.
Heart, n. (હાર્ટ) અંતકરણ.
Felt, v. (ફેલ્ટ) લાગું.
Sad, a. (સૅડ) દિલગીર.
Thought, n. (થૉટ) વિચાર.
Parting, n. (પારટિન્ગ) છુટું પડવું.
To make up her mind, નિશ્ચય કર્યો.
To sell, inf. (ટુ સેલ) વેચવાને.
Butcher, n. (બુચર) કસાઈ; ખાટકી.
Heavy, a. (હેવિ) ભારે.
Bargaind, v. (બારગેન્ડ) સાટું કીધું.
Sale, n. (સેલ) વેચાંણ.
Were playing, v. (ઉઅર પ્લેઈન્ગ) રમતાં હતા.

Door, n. (ડોર) બારણું.
Good morning, n. (ગુડ મૉ-ર્નીન્ગ) સવારની સલામ.
Loud, a. (લાઉડ) મોટા.
Voice, n. (વૉઇસ) અવાજ, સાદ.
I am here, હું અહિં આવ્યો છું.
Asked, v. (આસ્કડ) પુછ્યું.
Running, pr, p. (રનીન્ગ) દોડતાં.
Alarm. n. (અલારમ) ધાસતી.
Gently, ad (જેન્ટલી) હળવેથી.
Pushing, pr. p. (પુશીન્ગ) આ-ચકો મારીને.
Playful, a. (પ્લેફુલ) રમુજી.
Tone, a. (ટોન) અવાજ; હેર.
Rope, n. (રોપ) દોરડું.
Placing himself, pr. p. ઉભા રહેતાં થતાં.
In front of it, તેની સામણે-રૂબરૂ.
Threw, v. (થ્રિયુ) નાંખ્યું.
Neck, n. (નેક) ગરદન.
To drag, inf. (ટુ ડ્રૅગ) ખેંચવાને.
Creature, n. (ક્રીચર) પ્રાણી,
Bleated, v. (બ્લીટેડ) બેં બેં કીધું, પોકાર્યું.
Cry, n. (ક્રાઈ) પોકાર.
Grief, n. (ગ્રીફ) દિલગીરી; દુઃખ.

Was too much for her, તેણી-થી ખમી નહિ શકાય એવો હતો.
Her heart sank within her. તેણી ઉદાસ થઇ.
Pleading, pr. p. (પ્લીડિન્ગ) આજીજી કરતાં; અરજ કરતાં.
Tearful, a. (ટિયરફુલ) આંસુથી ભરેલી.
Choked, p. p. (ચોકડ) ગુંગલાઈ ગયલો.
Sobs, n. (સોબ્સ) ડચકાં.
Pray, (પ્રે) મેહેરબાની કરો.
To tell, inf. કહેવાને.
Stop, ger. (સ્ટૉપ) થોભવું.
Husky, a. (હસ્કી) ખોખરા.
Ceased, v. (સીઝડ) બંધ કીધું.
Bleating, n. (બ્લીટિન્ગ) બેં બેં કરવાનું.
Shook, v. (શુક) ધ્રુજ્યું.
Poor a. (પૂઅર) ગરીબ.
Earn, v. (અર્ન) કમાવું.
Alive, a. (અલાઇવ) જીવતો.
Kind, a. (કાઇન્ડ) દયાળુ.
Has given, v. (હૅઝ ગિવન) આપે છે. [ખરીદ કરીશ.
I will buy you, હું તમારે માટે

**Bread**, n. (બ્રેડ) રોટલી.
**To eat**, ger. (ટુ ઇટ) ખાવાને.
**Won't**, v. (ઉઓન્ટ) કહેતા નથી, ઇચ્છતા નથી.
**Without**, prep. (ઉઈધાઉટ) વગર.
**In vain**, (ઇન વેન) ફોકટ.
**Tried**, v. (ટ્રાઇડ) કોશેશ કીધી.
**Could not help selling**, v વેચ્યા વગર ચાલે એવું નથી.
**Talked**, v. (ટોકડ) વાત કીધી.
**Stronger**, a. (સ્ટ્રૉન્ગર) વધારે મજબુતાઈથી.
**Handed**, v. (હૅન્ડેડ) આપ્યા.
**Silver**, n. (સિલ્વર) રૂપાનાણું.
**Wait**, v. (ઉએટ) થોભો.
**Keep up**, inf. ચલાવી લેવું.
**Watching**, prp. (ઉઑચિન્ગ) તપાસનો. [ખન્યુ.
**Went on**, v. (ઉએન્ટ ઑન.)
**Was touched in his heart**, દિલે દયા આવી.
Offered, v. (ઑફર્ડ) આપવા કર્યું.
Return, inf. (રિટર્ન) પાછું આપવું.
Harder, a, (હાર્ડર) વધારે કઠણ.
Killed, v. (કિલ્ડ) મારી નાંખ્યું.
Drew, v. (ડ્રિયુ) ખેંચ્યો; કીધો.
Quickly, ad. (ક્વિકલી) ઝડપથી.
At once, ad. (ઍટ ઉઅન્સ) એકદમ.
Set free, v. (સેટ ફ્રી) છુટું મુકવામાં આવ્યું.
Gathered, v. (ગંધર્ડ) એકઠાં થયા.
Stroked, v. (સ્ટ્રોકડ) થોકર્યું.
Were filled, v. (ઉઅર ફિલ્ડ) ભરાઈ ગયા.
Joy, n. (જૉય) ખુશી.
Help, n. (હેલ્પ) મદદ.
Hard pressed, (હાર્ડ પ્રેસ્ડ) સખત તંગીમાં આવેલી.

## લાડકું ઘેટું.

૧. કુટુંબ માટે ખાવાનું અને વસ્ત્ર ખરીદવાને એક પછી એક નાની ચીજો વેચાઈ હતી. આખરે પાલેલાં મેંઢાં શિવાય બીજું કાંઈ વેચાઈ શકે એવું રહ્યું નહિ.

૨. દેઝીના છુટા પડવાના વિચારથી માનું દિલ ઉદાસ થયું; કારણ કે છોકરાં તેને ઘણાં ચાહતાં હતાં.

૩. આખરે તેણીને મેંઢું વેચવાનો ઠેડાવ કરવો પડયો. ખાટકીને બોલાવી લાવવાને તેણીથી એક પણ છોકરાંને કહેવાઈ શકાયું નહિ. તેથી તેણી પોતે ઉદાસ દિલે ગઈ, અને દેઝીને વેચવા માટે તેણીએ સાટું કીધું

૪. જ્યારે છોકરાં સર્વે તે મેંઢાં સાથ રમતાં હતા, ત્યારે ખાટકી અને તેનો દીકરો દરવાજા આગળ આવ્યા. તેણે મોટે સાદે કહ્યું, "સાહેબ મેહરબાન, મીસીસ ગ્રાન્ટ! તમે જુવો છો કે હું મેંઢાં માટે અત્રે આવ્યો છું."

૫. "શા માટે, માયજી?" છોકરાં માહેલાં એકે તેણીની બાજુમાં દોડીને, અને ગભરાટથી તેણીના ચેહેરા તરફ જોઈને પુછયું. મીસીસ ગ્રાન્ટે તે છોકરાને આસ્તેથી હડસેલો મારી કહ્યું, "જા અહિંથી, વ્હાલાં."

૬. ખાટકીનો છોકરો, રમુજી અવાજે, પોતાના હાથમાં એક દોરડાં સાથ દેઝી આગળ જઇ, બોલ્યો, "એ તો હવે મારૂં મેંઢું છે!" તે નાનો છોકરો તે (મેંઢાં)ની આગળ જઈ બોલ્યો.

૭. પણ પેલા પોરીઆએ, તેને બાજુએ હડસેલી, દેઝીની ગરદનમાં દોરડું નાખ્યું, અને તે નાના પ્રાણીને ઘસડવા માંડયું. તે ગરીબ મેંઢું ઘણું શોકાતુર રીતે બરાડયું.

